# MEDIA BUZZ

SANDESH SATURDAY, 30•09•2023

### એફજીઆઈ ખાતે એમઓયુની જાહેરાત કરાઈ

## ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી પારૂલ યુનિ.માં બાયો ફાર્મિંગનો કોર્સ

### નવેમ્બરથી એમએસસી બાયોફાર્મિંગની પ્રથમ બેચ શરૂ થશે

। વડોદરા ।

શહેરની ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રિઝ અને પારૂલ યુનિવર્સિટી દ્વારા દેશમાં પ્રથમ વખત બાયોફાર્મિંગ ક્ષેત્રે બેચલર્સ અને માસ્ટર્સ અભ્યાસક્રમો અંગે આજે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ ખાતે એમઓયુ કરવામાં આવ્યા હતા. ઓર્ગેનિક ખેતીને પ્રાધાન્ય આપવા બંને સંસ્થાએ પ્રતિબધ્ધતા જાહેર કરી હતી.

ઝાયડિક્સ ગ્રુપના સીએમડી ડો. અજય રાંકાએ પત્રકારો પરિષદમાં જણાવ્યું હતુંકે, રસાયણિક ખાતરોના ઉપયોગથી અનાજની પૌષ્ટિકતા ઘટી છે જરૂરી છે. આ ખેતીમાં નોલેજ વર્કર જરૂરી છે. ઝાયડેક્સ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ આપશે. જેમાં બેચલર્સ કોર્સમાં માસિક રૂા.૧૦હજાર અને માસ્ટર્સ કોર્સમાં માસિક રૂા.૧૨,૫૦૦ આપવામાં આવશે. અભ્યાસ પૂર્ણ થતાં ઝાયડેક્સ દ્વારા ૧૧ માસ માટે પ્લેસમેન્ટ પણ અપાશે. દેશમાં ૧૦ કરોડ ખેડૂતો અને ૬ લાખ ગામડા છે,

પારૂલ યુનિ.ના વાઈસપ્રેસિડેન્ટ ડો. પારૂલ પટેલે જણાવ્યું હતુંકે, બેચલર્સ વર્ષનો રહેશે. વિદ્યાર્થીઓને ક્લાસરૂમની સાથે સાથે ફિલ્ડ વર્ક કરવાનું રહેશે. જૈવિક ખેતીમાં રસાયણો , ખાતરનો ઉપયોગ ઘટાડીને ઓર્ગેનિક ખેતીને પ્રાધાન્યતા અપાશે.

આજે ઝાયડેક્સ ઈન્ડ.ના સીએમડી ડો.અજય રાંકા અને પારૂલ યુનિ.ના વીપી ડો.પારૂલ પટેલે એફજીઆઈના પ્રમુખ તારક પટેલની ઉપસ્થિતિમાં એમઓયુ કર્યું હતું. તારક પટેલે જણાવ્યું હતુંકે. ઉદ્યોગો અને યુનિ. વચ્ચે પ્રથમ સહયોગ એફજીઆઈના સૌજન્યથી થયો છે. આગામી સમય અન્ય ઉદ્યોગો અને

---

દિવ્ય ભાસ્કર | વડોદરા, શનિવાર, 30 સપ્ટેમ્બર, 2023 |

### ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રીઝ અને પારુલ યુનિ. વચ્ચે MOU

## બાયો ફાર્મિંગ ક્ષેત્રે દેશના પ્રથમ કોર્સની વડોદરામાં શરૂઆત થશે

### જમીન ફળદ્રુપ થશે, વિદ્યાર્થી-ખેડૂતોને આવક થશે

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

રાસાયણિક ખાતરો અને પાકની સુરક્ષા કરતા રસાયણો ના ઉપયોગની જરૂરિયાત દૂર કરી પાકના પ્રથમ ચક્રથી પાણીના ઓછા વપરાશ સાથે ઊંચું ઉત્પાદન આપતી નવી પદ્ધતિ બાયો ફાર્મિંગ ટેકનીક મહત્વની પુરવાર થઇ રહી છે. ખેતરોમાં એની અસરકારકતા પ્રદર્શિત કરતાં જમીનની ગુણવત્તા સુધારશે અને ઓછા પાણીમાં ફળદ્રુપતા પણ વધારશે. જે અંગેનો બાયો ફાર્મિંગનો શૈક્ષણિક કરાર ઝાયડેક્સ ઇન્ડસ્ટ્રીઝ અને પારુલ યુનિવર્સિટી વચ્ચે કરાયો છે.

વિદ્યાર્થીઓને બેચલર્સ અને માસ્ટર્સના અભ્યાસક્રમ ભણાવવામાં આવશે 10 બેચ માટે આ અભ્યાસક્રમ શરૂ કરવામાં હાનિકારક તત્વોને બદલે કુદરતી પદ્ધતિથી ખેતી નવી ટેકનોલોજી આધારિત થતા ખેડૂતોને પણ આવક વધશે, તેમ જ વિદ્યાર્થીઓને પણ સ્ટાયપન્ડની સુવિધા આપવામાં આવશે. તેમ ઝાયડેક્સના મેનેજિંગ ડાયરેક્ટર ડો.અજય રાન્કાએ જણાવ્યું હતું.

જ્યારે પારુલ યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડન્ટ ડોક્ટર પારુલ પટેલે જણાવ્યું હતું કે. આ શૈક્ષણિક કરાર વ્યવહારિક કૃષિ લક્ષી અણકારી વચ્ચે ફરક દૂર કરવા સેતુ રૂપ બનવાની તથા બાયો ફાર્મિંગ અને અમારા વિદ્યાર્થીઓને પર્યાવરણને અનુકૂળ કૃષિના અભ્યાસ દ્વારા નવી તક મળશે.

એફજેઆઇ ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં એના પ્રમુખ તારક પટેલે પણ આ નવો

---

ઉદ્યોગાભ્યાસ | ઉદ્યોગકારોને ઓટોમોબાઈલ, ઈ-વ્હિકલના ઉત્પાદનની સંપૂર્ણ માહિતી મળશે

## FGIની સ્ટડી ટૂર : 21 ઉદ્યોગપતિઓ પૂના જઈ વર્લ્ડ ક્લાસ પ્રોડક્શન સિસ્ટમનો અભ્યાસ કરશે

### કન્સ્ટ્રક્શન, ફોલ્ડિંગ ઈક્વિપમેન્ટની વિશ્વ કક્ષાની કંપનીઓમાં લઈ જઈ પ્રોડક્શન બતાવાશે

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

શહેરની સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝને વર્લ્ડ ક્લાસ પ્રોડક્શન સિસ્ટમ દ્વારા નવી પ્રેરણા મળે અને વિશ્વ કક્ષાની કંપનીઓમાંથી સંલગ્ન વસ્તુઓના ઓર્ડર મળે તે આશયથી એફજીઆઇ દ્વારા શહેરના 21 ઉદ્યોગપતિઓને પુનાની સ્ટડિ ટૂર કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

એફજીઆઇના પ્રેમલ દવે દ્વારા જાણવા મળ્યા મુજબ, પુનામાં કન્સ્ટ્રકશન અને ફોલ્ડિંગ ઈક્વિપમેન્ટ બનાવતી વિશ્વ કક્ષાની કંપનીઓ આવેલી છે.

જ્યારે ઓટોમોબાઇલ ક્ષેત્રની પણ વિશ્વ કક્ષાની કંપનીઓ પૂનામાં આવેલી છે. આ બંને પ્રકારની કંપનીઓમાં તમામ ઉદ્યોગપતિઓને લઇ જઇને સ્ટડી ટૂર કરાવવામાં આવશે. ગુરુવારે 21 ઉદ્યોગપતિઓ આ બંને કંપનીની કાર્યપદ્ધતિ અને તેમાં કેવી રીતે ઉત્પાદન થાય છે ઉપરાંત તેમાં કયા પ્રકારના મટીરીયલ્સની જરૂર પડે છે તેનો અભ્યાસ કરશે. વડોદરાના ઉદ્યોગપતિઓ તેમને કઈ વસ્તુઓમાં સહયોગ કરી શકે છે સહિતના વિષયો ટૂરમાં સમાવી લેવામાં આવ્યા છે. આ સ્ટડી ટુરથી શહેરના નાના ઉદ્યોગોને વ્યવસાયની તક મળતી હોય છે. તેમજ નવું શીખવા પણ મળે છે.

**ઇલેક્ટ્રોનિક વ્હીકલના ઉત્પાદનમાં સહયોગ મળશે, વડોદરાનું યોગદાન શક્ય બનશે**

પુના સ્થિત વર્લ્ડ ક્લાસ કંપની ઈલેક્ટ્રીક વ્હીકલનું પણ ઉત્પાદન કરે છે. વડોદરા ઈલેક્ટ્રીક વાહનોને રો-મટીરીયલ સપ્લાય કરવામાં અગ્રેસર સ્થાન ધરાવે છે. ત્યારે વિશ્વ કક્ષાના ઈલેક્ટ્રીક વાહનોમાં વડોદરાનું યોગદાન પણ ભવિષ્યમાં જોવા મળી શકે છે.